# ૨.૩૩ કરોડનો વિદેશી દારૂ ઝડપાયો

**ગાંધીનગર સીઆઈડી ક્રાઈમે અરવલ્લી જિલ્લા પોલીસતંત્રને ગાલે લપડાક મારી ૨.૩૩ કરોડ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપ્યો : બે પીએસઆઈની બદલી : શામળાજી આશ્રમ ચોકડી નજીકથી ૧.૦૮ કરોડ, અણસોલ ગામ નજીકથી ૭૫.૬૬લાખ, વાંટડા ટોલ પ્લાઝા નજીકથી ૪૯.૭૭ લાખનો વિદેશી દારૂ પકડાયો : બે બુટલેગરો ઝડપાયા**







મોડાસા, તા. ૧૪

ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ સિઆઈડી સેલના પીઆઈ એસ.પી. કુમાવત અને જે.એમ. યાદવે અને તેમની ટીમે મંગળવારે સાંજના સમયે અને રાત્રી દરમિયાન રાજસ્થાનથી શામળાજી તરફ જતા હાઈવે પર લોડીંગ વાહનોનું ચેકીંગ હાથ ધરતા રાજસ્થાન તરફથી આવતી ૩ ટ્રકો આશ્રમ નજીકથી તેમજ એક ટ્રક અણસોલ ગામ નજીકથી ઝડપી તપાસ હાથ ધરતા ૧.૮૪ લાખનો તેમજ વાંટડા ટોલ પ્લાઝા નજીકથી ટ્રક-કન્ટેનરમાંથી ૪૯.૭૦ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી અરવલ્લી પોલીસ હપ્તારાજની પોલ ખોલી નાખી હતી. અરવલ્લી જિલ્લામાંથી ૨ કરોડથી વધુનો વિદેશી દારૂ ઝડપાતા સમગ્ર ગુજરાત અને આંતરરાજ્ય બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.

ગાંધીનગર સીઆઈડી દ્વારા અરવલ્લી જિલ્લાના શામળાજી નજીક અમદાવાદ-ઉદેપુર હાઈવે પર મંગળવારે રાત્રીના સમયે સપાટો બોલાવતા ૬ ટ્રકોમાંથી ૨.૩૩ કરોડ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડી સપાટો બોલાવી દીધો હતો. અરવલ્લી જિલ્લાના શામળાજી નજીક આવેલ આંતરરાજ્ય સરહદ રતનપુર ચેકપોસ્ટ પરથી રોજનો કરોડો રૂપિયાનો ગેરકાયદેસર વિદેશી દારૂ ગુજરાત રાજ્યમાં ઘુસાડી યુવાધનને બરબાદીના મુખમાં ધકેલી બુટલેગરો કરોડો રૂપિયા ખીસ્સામાં સેરવી લેતા હોય છે. મંગળવારે અરવલ્લી જિલ્લા પોલીસતંત્રને અંધારામાં રાખી સીઆઈડી ક્રાઈમના બે પીઆઈ અને તેમની ટીમે મંગળવારે રતનપુર-શામળાજી નજીક આશ્રમ ચોકડી તેમજ અણસોલ ગામ અને વાંટડા ટોલ પ્લાઝા નજીક પેટ્રોલીંગ હાથ ધરી ૬ ટ્રકોમાંથી કરોડો રૂપિયાનો દારૂ ઝડપી પાડ્યો હતો. અરવલ્લી જિલ્લામાંથી પસાર થતા અને ગેરકાયદેસર દારૂની હેરાફેરી થતા ટ્રકોમાંથી જિલ્લા પોલીસ તંત્રના અધિકારીઓ અને પોલીસ સ્ટાફ દ્વારા મહિનાના લાખ્ખો રૂપિયાની હપ્તા લેવામાં આવતા હોવાનુ લોકમુખે ચર્ચાઈ રહ્યુ છે.

## બે પીએસઆઈની જિલ્લા બહાર બદલી

અરવલ્લી જિલ્લાના શામળાજી નજીકથી તેમજ વાંટડા ટોલ પ્લાઝા નજીકથી ૨.૩૩ કરોડનો સીઆઈડી ક્રાઈમે વિદેશી દારૂ ઝડપતા રાજ્ય ગૃહ વિભાગ અને પોલીસ વિભાગ દ્વારા અરવલ્લી જિલ્લામાં નિષ્ક્રિય કામગીરી કરતા એલસીબી પીએસઆઈ પી.એસ. પરમાર અને શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીએસઆઈ વાય.જે. રાઠોડની તાત્કાલીક અસરથી ગાંધીનગર જિલ્લા ખાતે બદલીનો હુકમ કરી શામળાજી પીએસઆઈ ઈન્ચાર્જ તરીકે એસ.પી. ઝાલા અને અરવલ્લી જિલ્લા એલસીબી તરીકે પીઆઈ જે.આર. ઝાલાને ઈન્ચાર્જ તરીકે ફરજ સોંપતા અરવલ્લી જિલ્લા પોલીસ બેડામાં ફફડાટ ફેલાયો હતો.

## શામળાજી આશ્રમ ચોકડી અને અણસોલ ગામ નજીકથી ઝડપાયેલા વિદેશી દારૂની વિગત

ટ્રક કન્ટેનર એચઆર. ૬૯એ.૩૨૭૬ની અંદરથી ઝડપાયેલી વિદેશી દારૂની બોટલો ૨૪,૩૦૦ તથા બીયર ટીન ૪૮૦૦ મળી કુલ ૨૯,૧૦૦ કિંમત રૂ. ૭૫,૬૬૦૦૦ તથા ટ્રકની કિંમત ૨૦ લાખ રૂ. મળી કુલ ૯૫,૬૬,૦૦૦નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો.

એચઆર.૪૫એ.૭૯૪૨ કુલ બોટલો બિયર ટીન ૨૯૧૮૦ કિંમત રૂ. ૫૯,૨૮૦૦૦ તથા ટ્રકની કિંમત રૂ. ૨૦ લાખ, મોબાઈલ નંગ-૧, ૫૦૦ રૂ. રોકડા મળી કુલ ૭૯૩૩૫૦૦ રૂ.

જીજેઓએક્સ.૧૭૭૭માં વિદેશી દારૂ બોટલો નંગ-૪૨૬૦ કિંમત રૂ. ૧૮.૩૦ લાખ

જીજે૨૬ટી.૪૩૧૭ વિદેશી દારૂની બોટલો ૧૫૫૮૮ કિંમત રૂ. ૩૦.૯૬ લાખ કુલ પેટીઓ નંગ ૨૩૧૦ બોટલો ટીન ૪૭૦૨૮ કિંમત રૂ. ૧૦૮૫૪૦૦૦૦ મળી કુલ ૧,૮૪,૨૦૦૦૦

વાંટડા ટોલ પ્લાઝા નજીક ઝડપાયેલુ ટ્રક કન્ટેનર

એચપી.૭૮૧૨૬૩ કુલ ટીન બોટલ ૨૯૩૧૬ કિંમત રૂ. ૪૯,૭૦,૦૦૦ નો વિદેશી દારૂ ટ્રકની કિંમત ૨૦ લાખ રૂ. મળી કુલ ૬૯૭૦૪૦૦

## સીઆઈડી ક્રાઈમે બે શખ્સોની ધરપકડ કરી, ૫ શખ્સોને શોધવા ચક્રો ગતિમાન કર્યા

સુરતસીંગ કરમચંદ જાટ (જમ્મુ) એચઆર.૪૫.એ.૭૯૪૨નો ડ્રાયવર

વિશ્રામ સોમાભાઈ ડામોર રહે. ભવાનપુર ભીલોડા ટ્રકમાં બેઠેલ આ બંનેને ઝડપી પાડ્યા હતા.

આયશર નં. જીજે૧૯.એક્સ. ૧૭૭૭નો ડ્રાયવર

આયશર નં. જીજે૨૬ટી. ૪૩૧૭નો ડ્રાયવર

એચપી.૭૮૧૨૬૩નો ડ્રાયવર

જોગીન્દર શર્મા ચંદીગઢ, ચિરાગ કોઠારી રહે. રાજસ્થાન, સુનીલ નામનો શખ્સ

## રાયગઢ નજીક બાઈક કાર વચ્ચે ટક્કર

અમદાવાદ-શામળાજી નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા રાયગઢ બસ સ્ટેન્ડ નજીક મંગળવારે સવારે બાઈક-કાર વચ્ચે ટક્કર થતા બાઈકસવાર યુવાન સહિત અન્ય બાઈક પાછળ બેઠેલ વ્યક્તિના શરીરે ઈજાઓ પહોંચી હતી. રાયગઢ નજીકથી પસાર થતી મારૂતિ વેગન આર કાર (ગાડી નં. જીજે૯એમ. ૯૨૫૩)ને બાઈકચાલકે તેની બાઈક અથડાઈ જતા બાઈકચાલક સહિત બાઈક પાછળ બેઠેલા બન્ને વ્યક્તિઓ રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ બન્ને ઈજાગ્રસ્ત વ્યક્તિઓને સારવાર અર્થે હિંમતનગર દવાખાને ખસેડાયા હતા.

# પાલનપુરની દીકરીઓ સાઉથ એશિયન ગેમ્સમાં પાકિસ્તાનમાં રમશે ફૂટબોલ

પાલનપુર, તા. ૧૪

તાજેતરમાં રિયો ઓલિમ્પિકમાં રેસલિંગમાં સાક્ષી મલિક બ્રોન્ઝ અને બેડમિન્ટનમાં પી.વી. સિંધુએ સિલ્વર મેડલ હાંસલ કરી વિશ્વમાં દેશનું ગૌરવ વધાર્યું છે. ત્યારે રમત ગમત ક્ષેત્રે મહિલા ખેલાડીઓનું યોગદાન મહત્વ પૂર્ણ રહ્યું છે. આગામી દિવસોમાં વિશ્વના છ દેસોની સાઉથ એશિયન ગેમ્સ કે જે પાડોશી દેશ પાકિસ્તાનમાં યોજાશે જેમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માત્ર પાલનપુરની દીકરીઓ ફૂટબોલની ટીમમાં ભાગ લેવા પાકિસ્તાન જશે.

થોડાક દિવસ અગાઉ મહારાષ્ટ્રના નાસિક ખાતે પૂટસેલ એસોસિએશન ઓફ મહારાષ્ટ્ર દ્વારા ૨૨મી નેશનલ ફુટસેલમાં અંડર-૧૭ની ગર્લ્સ ચેમ્પિયનશિપ યોજાઈ હતી. જેમાં દેશભરમાંથી જુદા જુદા રાજ્યમાંથી ૨૦ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલમાં ગુજરાતનું પ્રતિનીધીત્વ કરનાર પાલનપુરની ટીમ અને મહારાષ્ટ્ર ટીમ વચ્ચે યોજાઈ હતી. પાલનપુરની દીકરીઓએ મહારાષ્ટ્રની ટીમને ધોળા દિવસે તારા બતાવી ૧૪-૦ થી ચેમ્પિયન બની હતી. આગામી સમયમાં પાકિસ્તાનમાં યોજાનાર સાઉથ એશિયન ગેમ્સમાં ભારત, શ્રીલંકા, બર્મા, નેપાળ, ભૂતાન તેમજ પાકિસ્તાનના ખેલાડીઓ રમતમાં ભાગ લેનાર છે. તેમાં ભારતની ટીમમાં પાલનપુરની દીકરીઓ પાકિસ્તાનમાં રમવા જશે. બીકે ન્યુઝ ચેનલ સાથેની વાતચીતમાં પાકિસ્તાન રમવા જવા માટે ઉત્સુક બનેલી મહિલા ખેલાડીઓએ બીકે ન્યુઝ ચેનલ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે સાઉથ એશિયન ગેમ્સની આંતરરાષ્ટ્રિય રમત ગમતમાં તક મળવા બદલ અમે ખુશી વ્યક્ત કરીએ છીએ.



## સાંઈગૃપ આયોજીત ગણેશ મહોત્સવમાં ૨૫૬ વાનગીઓનો ગજાનનને ભોગ ધરાવાયો

શહેરના માલપુર રોડ પર ઓધારી મંદિર નજીક આવેલ વીએચપી ગ્રાઉન્ડ ખાતે સાંઈગૃપ દ્વારા સતત ૧૨ વર્ષથી ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. દર વર્ષે અવનવી રીતે મહોત્સવને ઉજવવામાં આવે છે ત્યારે આ વર્ષે સાંઈગૃપ દ્વારા આયોજીત ગણેશ મહોત્સવમાં આયોજકો દ્વારા વિવિધ ઝાંખીઓ અને પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. રોજે રોજ ગણેશ મહોત્સવમાં અનેક ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. ત્યારે બુધવારના રોજ ૨૫૬ વાનગીઓનો ગણપતિદાદાને ભોગ ધરાવાયો હતો. ગણેશજીને ૨૫૬ વાનગીઓનો ભોગ ધરાવવા ભક્તોની ભીડ ઉમટી પડતાં વાતાવરણમાં ભક્તિરસ છલાયો હતો.



ભિલોડા શ્રી અર્બુદા સેવા સંઘ સંચાલિત માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા મંદીર વિદ્યાલયના વિદ્યાર્થીઓ નેટબોલ સ્પર્ધામાં અંડર-૧૪ ભાઈઓની ટીમ નેટબોલની સ્પર્ધા જેતલપુર, અમદાવાદ ખાતે યોજાઈ હતી. નેટબોલ સ્પર્ધામાં વિદ્યાર્થી ભાઈઓની ટીમ ગુજરાત રાજ્ય કક્ષાએ ચેમ્પીયન બનતાં આનંદની લાગણી પ્રસરી હતી. અંડર-૧૭ બહેનોની ટીમ નેટબોલની સ્પર્ધા આંબલીયાસણ મહેસાણા ખાતે યોજાઈ હતી. નેટબોલ સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓની બહેનોની ટીમ ગુજરાત રાજ્ય કક્ષાએ રનર્સઅપ થઈ હતી. માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા મંદીર વિદ્યાલય, ભિલોડાના ૧૩ ખેલાડીઓએ રાષ્ટ્રીય કક્ષાએ સ્પર્ધામાં પસંદગી પામેલ છે. આગામી સમયમાં રાષ્ટ્રીય કક્ષાએ સ્પર્ધામાં ભાગ લેશે.

# સ્વચ્છતાને આદત બનાવી સ્વચ્છ ભારતના નિર્માણમાં વિદ્યાર્થીઓનું યોગદાન

મહેસાણા, તા. ૧૪

મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ભેટ સ્વરૂપે 'સ્વચ્છ અનેસ્વસ્થ ભારત' બનાવવાના ભાગરૂપે ભારત સરકાર તેમજ ગુજરાત સરકાર દ્વારા 'સ્વચ્છતા પખવાડિયું' કાર્યક્રમ હેઠળ સ્વચ્છ ભારત અભિયાન યોજવાનું જાહેર કરેલ છે.

મહેસાણા જિલ્લામાં સ્વચ્છ ભારત, નિર્મળ ભારતના ધ્યેયને લઈને વિવિધ સ્થળોએ સ્વચ્છતાના કાર્યક્રમો થઈ રહ્યા છે. મહેસાણા જિલ્લામાં વિસનગર ખાતે ધારાસભ્ય ઋષિકેશ પટેલ અને જિલ્લા કલેક્ટર આલોક કુમારના માર્ગદર્શન હેઠળ એસ.કે. પટેલ યુનિ. દ્વારા સ્વચ્છ ભારત અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિસનગર ખાતે આવેલ યુનિવર્સિટીના કુલસચિવશ્રીઓ સામાજીક સહભાગીદારીથી સફાઈ માટે સાંકળચંદ પટેલ યુનિવર્સિટી દ્વારા આયોજીત સ્વચ્છતા અભિયાન-૨૦૧૬ના કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય ઋષીકેશભાઈ પટેલ, મહેસાણા જિલ્લા કલેક્ટર આલોક કુમાર પાંડે, યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પ્રકાશભાઈ પટેલ તેમજ સંસ્થાના ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં તમામ મહેમાનોને પોતે ઝાડુ લઈ સાફ-સફાઈ ઝુંબેશમાં સહભાગી થઈ આ કાર્યક્રમને સુંદરતાની સાથે સાથે સ્વચ્છ બનાવેલ. યુનિવર્સિટીની જુદી જુદી ફેકલ્ટી પ્રમાણે સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓના ગ્રુપમાં વિસનગર શહેરના મુખ્ય માર્ગ કે જે માર્ગે મા અંબેના ધામમાં જવા ચાલતા પગપાળા સંઘ પસાર થયેલા તેમજ આ માર્ગમાં સેવાના કેમ્પ બનાવેલ જયાં સાફ-સફાઈની તાકીદ જરૂરીયાત જણાયેલ તેવા કડા ત્રણ રસ્તાથી પાલડી ત્રણ રસ્તા સુધી સફાઈ ઝુંબેશ કરી આ સ્વચ્છતા અભિયાનને સફળ બનાવ્યો હતો.




## અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં રાષ્ટ્રીય સમુહગાન સ્પર્ધા યોજાઈ

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં ભારત વિકાસ પરીષદ ભિલોડા શાખા ધ્વારા રાષ્ટ્રીય સમુહગાન સ્પર્ધાનું આયોજન યોજાયું હતું. ભિલોડા તાલુકાની ૧૧ પ્રાથમીક, માધ્યમીક શાળાઓએ ભાગ લઈ હિન્દી ભાષા દેશ ભક્તિના ગીતો રજુ કર્યા હતા. પ્રાથમીક વિભાગમાં ધનવંતરી પ્રાથમીક શાળાએ પ્રથમ ક્રમ મેળવ્યો હતો. માધ્યમીક વિભાગમાં આર.જી. બારોટ હાઈસ્કુલએ પ્રથમ ક્રમ મેળવ્યો હતો. આ પ્રસંગે ભિલોડા મામલતદાર જી.કે.પટેલ, હસમુખભાઈ પટેલ, પ્રકાશભાઈ વૈધ, હસમુખભાઈ સોની ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય સમુહ ગાન ગીત સ્પર્ધા કાર્યક્રમને સફળ બનાવવા ભારત વિકાસ પરીષદ ભિલોડા શાખા પ્રમુખ જે.સી.ભાટીયા, સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# ડીસામાં ભગવાન કૃષ્ણની શોભાયાત્રા સાથે ગણપતિજી જોડાયા

ડીસા, તા. ૧૪

ડીસા શહેરમાં જલ ઝીલણી અગિયારસ નિમિત્તે શહેરના રામજી મંદિરેથી વર્ષોની પરંપરા મુજબ શ્રીકૃષ્ણ ભગવાનની પાલખી યાત્રા તેમજ શહેરમાં વિવિધ જગ્યાએ સ્થાપિત ગણેશજીની સામૂહિક વિસર્જન યાત્રા નીકળી હતી. એક માત્ર ડીસામાં જ શહેરના તમામ ગણપતિનું સામૂહિક રીતે વિસર્જન થાય છે. જેની શોભાયાત્રામાં આખુ શહેર તેમજ આજુબાજુની ગ્રામજનતા પણ ઉમટી પડે છે. ભાદરવા સુદ-અગિયારસ એટલે જલ ઝીલણી અગિયારસે ડીસાના પ્રસિદ્ધ રામજી મંદિરમાં સ્થિત શ્રી કૃષ્ણ ભગવાનની મૂર્તિની પાલખી યાત્રા યોજી તેમને બનાસ નદીમાં સ્નાન કરાવવાની વર્ષો જુની પરંપરા છે. જેમાં છેલ્લા કેટલાક વર્ષોથી ડીસામાં ગણેશ મહોત્સવનો મહિમા વધવા લાગતા શહેરમાં સ્થાપના કરવામાં આવતી ગણપતિની મૂર્તિઓને વિસર્જન પણ આ પાલખી યાત્રામાં જોડી દેવામાં આવી છે. જેથી સમગ્ર શહેરના ગણપતિની એક સાથે સામૂહિક વિસર્જન યાત્રા પણ ડીસાની પરંપરા બની ગઈ છે.

ગતરોજ બપોર વેળાએ ડીસાના રીસાલા ચોક, રામજી મંદિરથી પાલખી યાત્રા નીકળ્યા બાદ તેની સાથે શહેરમાં સ્થાપના કરાયેલા ૨૦૦થી વધુ સાર્વજનિક ગણેશોત્સવની મૂર્તિઓ વિવિધ વાહનોમાં ડી.જે. તેમજ મ્યુઝીક પાર્ટીના તાલે યાત્રામાં જોડાતા સામૂહિક વિસર્જનની યાત્રા આકર્ષણનું કેન્દ્ર બની હતી. શહેરના બજારો 'ગણપતી બાપ્પા મોરિયા'ના નાદથી ગુંજી ઉઠયા હતા.